૫૭૨૫

दरेक स्त्री पुरुषने वांचवा लायक

अेक रमुजी वारता.

स्त्री चरित्र.

બનાવી પ્રસિધ્ધ કરનાર.

રેવાશંકર મયાશંકર રાવલ.

આસિસ્ટંટ માસ્તર તાલુકા સ્કુલ માણસા

ઈલાકે મહિકાંઠા.

અમદાવાદ—ગુર્જર વિજય પ્રેસ,

ફેબ્રુઆરી સને ૧૮૯૪ સંવત ૧૯૫૦

એક આનો.

दरेक स्त्री पुरूषने वांचवा लायक
अेक रमुजी वारता.

स्त्री चरित्र.

બનાવી પ્રસિધ્ધ કરનાર.

રેવાશંકર મયાશંકર રાવલ.
આસિસ્ટંટ માસ્તર તાલુકા સ્કુલ માણસા
ઈલાકે મહિકાંઠા.

અમદાવાદ—ગુર્જર વિજય પ્રેસ.
ફેબ્રુઆરી સને ૧૮૯૪ સંવત ૧૯૫૦
એક આનો.



૫૭૨૧

સ્ત્રી ચરીત્ર

સંખેડા બાદળપર કરીને એક મોટું શેહેર હતું અને તે શેહેરમાં જોધપુરથી આવેલા રાઠોડ જયમલ કરીને રહેતો હતો તે ઠાકોરને બે દીકરા હતા એકનું નામ કેશવસીંગ અને બીજાનું નામ માધવસીંગ કરીને હતું બંને છોકરા બહાદુર અને ખરા ક્ષત્રી પુત્ર હતા માધવસીંગનું લગન ખેડા ભાદરવા નામના ગામમાં કર્યું હતું પરંતુ સ્ત્રી ત્યાં એટલે ખેડા ભાદરવે રહેતી હતી માધવસીંગ એક દીવસના સમયે જમવા સારૂ બેઠેલા હતા તે વખતે તેમણે પોતાની ભાભીને કહ્યુંકે ભાભીજી આજની રસોઇ બરાબર થઇ નથી ત્યારે તેની ભાભીએ મેણું માર્યું કે જો ઠાકોર સારી રસોઇ જમવી હોયતો, વહુને તેડી લાવો આ સાંભળી ઠાકોરને બહુજ રીસ ચઠીને તેજ વખતે વહુને તેડવા જવા તૈયાર થયાં પોતે લુગડાં લતાં પેહેરાંછે, હાથમાં તલવાર અને કેડમાં કટાર ઘાલી સારી રીતે બની ઠણી રાજ દરબારી જેવા થઇને ઘોડે સ્વાર થઇ પોતાની સ્ત્રીને તેડવા સારૂ જાય છે.

દુહો.

માધવે રેવંત પલાણીયા, સાસરે તેડવા જાય.
વેગે વેહેલા પધારીયા, મને ખરી વિમાસણુ થાય.

માધવસીંગ ઘોડે બેઠી સાસરે જવા તૈયાર થયા કેટલેક દહાડે

ઠાકોર પોતાને સાસરે પહોચ્યા ત્યાં તેમને ઘણુંજ સનમાન મલ્યુ અને જમવા માટે તેમની સાસુએ બત્રીસ ભાતની રસોઇ તથા તેત્રીસ ભાતનાં શાક તૈયાર કરાં છે હવે જમવાનો વખત થવાથી ઠાકોરને કહ્યુંકે ઠાકોર જમવાને ઊઠો પછી જમી રહ્યા કેડે પાન સોપારી લઇ કેટલીક સુખ દુઃખની વાત કર્યા કેડે રાતનો વખત હોવાથી તેમજ ઠાકોર મુસાફરીથી આવેલ હોવાથી સુવા માટે મેડીપર જવા કહ્યું ત્યાં આગળ તેમની સ્ત્રીએ ઢોળીઓ પાથરી મૂક્યો હતો તેથી ઠાકોર ત્યાં જઇ સુઇ રહ્યા થોડીવાર પછી સ્ત્રી પણ સારા વસ્ત્ર અલંકાર પેહેરી મેડીપર ગઇ.

હવે માધવસીંગ વિચાર કરેછે કે સ્ત્રીની પરીક્ષાતો જોઇ તેથી કરી પોતે ઊંઘી જવા જેવું મોઢું કરી મૂખ ઉપર લુઘડાનો છેડો નાખ્યો અને ઊંઘી જવાનો ઢોંગ કર્યો સ્ત્રીએ જઇ તેમને આમ તેમ હલાવ્યા પણ કહેવત છે કે. "ઊંઘતો બોલે પણ જાગતો ન બોલે" તેવી રીતે ઠાકોર પણ બોલ્યા નહીં સ્ત્રીએ વિચાર કર્યો કે આ ઊંઘી ગયો છે એટલે બે ત્રણ કલાકમાં જાગવાનો નથી માટે હું તેટલા વખતમાં બાવાની પાસે જઇ તુરત પાછી આવતી રહીશ એવો વિચાર કરી પોતાની મેડીની પાછળની બારી ઉપરથી એક દોરડું નાંખ્યું અને પોતે લૂઘડાનો કછ મારી હાથમાં તલવાર લેઇ દોરડે ચઢી નીચે ઊતરી પડીને બાવા પાસે જવા સારૂ ચાલવું શરૂ કર્યું આ અંધારી રાત છે મધરાતનો સમય થઇ ગયેલો છે અને ચોમાસાનો દીવસ હોવાથી વીજળીનો ચમકાર અને મેઘનો ભારે અવાજ થઇ રહ્યા છે અને વરસાદ પણ મંદ મંદ વરસે છે આવી અઘોર રાત્રી તે વિષે સ્ત્રી ચાલી જાય છે અને મનમાં કોઇની જરીક પણ બીક

ધરતી નથી.

માધવસીંગ વિચાર કરે છે કે હું જોઉં તો ખરો આ રાંડ ક્યાં જાય છે એમ વિચાર કરી પોતે પણ ઢાલ તલવાર લેઈ તેની પછવાડે પછવાડે ચાલ્યા હવે સ્ત્રી ચાલી જાય છે ત્યાં આગળ ગાંમના મધ્ય ભાગમાં સામેથી આવતા નવ ચોર મળ્યા ચોરો સામા થયા તેથી તલવાર તાણી તેમની પાછળ પડી જેમ બકરાના ટોળામાં વાઘ પડે તેમ તે સ્ત્રીએ નવે જણાઓનાં શીશ ધડથી જુદાં કર્યાં હવે ત્યાંથી આગળ ચાલી અને શેહેર બહાર નીકળી પડી ત્યાં આગળ એક ઘણીજ મોટી ઝાડી હતી તેમાંથી એક મોટો શીલ કો વાઘ હાકુકા મારતો તેની સામે આવ્યો તેથી સ્ત્રીએ પોતાની પાસે એક રૂમાલ હોવાથી તેનો એક દડો બનાવ્યો અને તે વાઘના મોડા સામો ધર્યો વાઘ જેવો તલપ મારી લેવા જાય છે કે બીજા હાથે તલવારનો એવો તો જબરો ઘા માર્યો કે એકજ ઘાએ તે પુરો થયો હવે તે સ્ત્રી ત્યાંથી આગળ ચાલી એટલે મહીસાગરનું જળ બંને કાંઠે ભરેલું છે અને પ્રવાહ ખળ ખળ વહે છે હવે તે સ્ત્રીને સામે કાંઠે જવાનું છે અને તેને માટે વિચાર કરે છે કે હે ભગવાન હું આટલા સુધી તો આવીછું બાવાને મેં કાલનું વચન આપેલું છે અને કાલે તો મારે સાસરે જવું પડશે માટે કોઇ પણ પ્રકારથી બાવાને મલ્યા વગર પાછી ફરીશ નહીં આવો વિચાર કરી સામેપારે જવા માટે ઘણી પ્રકારની તપાસ કરવા લાગી એવામાં પાસે એક ચેહ બળતી હતી તેમાંથી એક સોટો અને અડધો બળી ગએલો દોર એ બી કાઢયો અને દેવતાને ઓલવી નાખી દોરનો ઘોડો

કરી જળમાં પડી. અને થોડી વારમાં નદીની સામી પાર ગઇ. મા ધવસીંગ પણ તે પ્રમાણે સ્ત્રીની ચરચા જોતો જોતો જાય છે નદીથી થોડે છેટે બાવાની મઢી આવેલી હતી ત્યાં તે સ્ત્રી ગઇ બાવો ગુસ્સે થઇ કહેવા લાગ્યો કે અમે રંડી મોડી કયું આઇ સ્ત્રી કહે મહારાજ આજ મારો ધણી તેડવા સારૂ આવેલો છે તેથી મને આવતાં વાર લાગી બાવો કહે રંડી ભાંગ કાઢ તેથી સ્ત્રીએ ભાંગ વાટી તૈયાર કરી ગાળી બાવાને પાઇ અને ગાંજાની ચલમ પણ ભરી આપી પછી વાતચીત કરી બંને સુઇ રહ્યાં માધવસીંગે આ સર્વ દેખાવ એક ઝાડ ઉપર બેશીને જોયો માધવસીંગે નિશાન માટે વાઘનો કાન કાપીને પોતાની પાસે રાખ્યો હતો પોતાની સ્ત્રી વ્યભીચારીછે એવું જોઇ તેને બહુજ ક્રોધ ઉત્પન્ન થયો અને આંખો લાલચોળ થઇ ગઇ તેથી ઝાડ ઉપરથી હેઠે ઉતરી તલવાર ખેંચી બંનેને મારવાનો વિચાર કર્યો પણ પછીથી એકદમ ચમક્યો અને બોલ્યો કે અરે પ્રભુ સ્ત્રી હત્યા નહીં કરવી માટે એકલા બાવાનેજ મારવો તેવો વિચાર કરી મઢીમાં જઇ બાવાની ગરદન ઉપર સમશેર વાપરી જેથી તેનું ધડ અને શીર એકદમ જૂદાં થયાં પછી પોતે બહાર નિકળી એક ઝાડ ઉપર જઇ બેઠો બાવાના લોહીએ કરીને સ્ત્રી જાગી ઉઠી અને જુવે છે તો બાવાને મારેલો ભાળ્યો તેથી તલવાર લઇ બહાર નિકળી બબે ખેતરવા આણીમેર બબે ખેતરવા પેલીમેર, જોયું પણ કોઇ મારનાર માલુમ પડયો નહીં તેથી પાછી આવી બાવાની લોથ બારણે લાવી હાથ જળ લેઈ બોલી કે એ મારા પ્રીય બાવલીયા ચારે ચાદે જે વખતે તારો મારનાર મળશે તે વારે તારૂં વેર લેઇ તેને મારૂં તોજ હું સ્ત્રી જાત ખરી.

દુહો.

કોણે મારાં હૈયાં હર્યાં, કોણે લીધી મારી કેડ;
પત રાખું પરીયા તણું, શીર કાપું સમશેર.

એમ કહી જળ મેલ્યું અને બાવાને જમીનમાં દાટયો અને શુરના આવેશમાં તલવાર ખેંચી હાંકારો કરી ફેરવી તેથી તેનો કડકો માધવસીંગ બેઠાં હતા ત્યાં ઝાડ ઉપર જઇ ચાંટયો કે તુરતજ તેમણે ઢાલના ભંડારીઆમાં મૂકયો હવે માધવસીંગ ઝાડ ઉપરથી નીચે ઉતરી સ્ત્રીની પહેલાં ઘેર જઇ ઢોલીયામાં સૂઇ ગયા પછવાડેથી સ્ત્રી આવી સૂઇ રહી ઓહો આ વખતે સ્ત્રીએ શું બનાવ કર્યો છે અને કેવાં ચરીત્ર કર્યાં એ સેહેજ વાંચનારના ધ્યાનમાં આવશેજ.

છપ્પો.

સ્ત્રી ચરીત્ર જશ જોર, મરદ મહોકમ કંઇ માર્યા.
સ્ત્રી ચરીત્ર જશ જોર, હોડ, હઠીલા કંઇ હાર્યા.
સ્ત્રી ચરીત્ર જશ જોર, સુરાને કીધા કાયર.
સ્ત્રી ચરીત્ર જશ જોર, સોશી લે સાતે સાગર.
સ્ત્રી ચરીત્રના જોરથી, રાએ કર્યા કંઇ રાંકડા.
શામળ કહે સ્ત્રી ચરીત્ર આગળે, ફોગટ ફુલ કરેછે ફાંકડા.

છપ્પો.

કરે કાયરને સુર, સુરને કાયર કરશે.
કરે શત્રુને મીત્ર, હીંમત એવી એ ધરશે.

અજાણુને તો જાણુ કરે, પંડીતને પથર.
કરે સાચાને જુઠ, જુઠને કરે ખરેખર.
વળી હાથીને હરણો કરે, શીયાળને સીંહ સારખું.
શામળ કહે ચરીત્ર નારીનું, પંડીત હૃદય પારખું.

માધવસીંગ સવારે ઊઠશે અને કોઇને કહ્યા વગર એકલા ઘેર જવાર થાને થયા એકલા ઘેર આવેલા જોઇ ભાભીએ કહ્યું બાયડીને તેડતા કેમ નહીં આવ્યા તે સાંભળી માધવ સીંગ બોલ્યા—

દુહો.

જોઇતી કુળ સુંદરી, જોઇતી ખરી બાપ.
જોસાનું ઘર આપણું, તો થાય પરીયાનું પાપ.
વેરી રૂઠયો દાવલે, વશીઆર ચપો ખાય.
વ્યસન વણું દીગોરડી, વીખ દેઇ પર ઘેર જાય.

એ સ્ત્રી સારી નથી ભાભીએ ફરીથી પુછયું. કે કેમ સારી નથી ત્યારે માધવસીંગે જે જોયું હતું તે સર્વે બનેલી હકીકત કહી ભાભી બોલ્યાં.

દુહો.

જાઓ માધવસીંગ પાછા ફરી, હરખે તેડી લાવો એ નાર.
તેના પેટથું આવે પુત્રમી, બાદશાહ શું બાધે તલવાર.

ભાભી કહે જે સ્ત્રી આવી બળવાન છે તો તેના પેટથી જે પુત્ર થશે તે ઘણોજ બળવાન થશે અને બાદશાહ સામો પણ લડવા હામ

ધરશે માટે હે માધવસીંગ તમે જાઓ અને તે સ્ત્રીને તેડી લાવો તેથી માધવસીંગ પાછા ગયા અને સ્ત્રીને તેડી લાવ્યા પછી ઘર સંસાર ચલાવ્યો અને તેથી તેના પેટના ત્રણ પુત્ર થયા તેગનાં નામ. સુરો સામળ અને જુગો એ ત્રણ પુત્ર સાત આઠ વર્ષના થવા હવે એક દીવસનાં સમયનો જોગ છે તેનામાં માધવસીંગ બહાર નાવા માટે બેઠેલ છે અને સ્ત્રીને કહ્યું કે પેલા ઓરડામાંથી ધેપાડુ લાવો એટલે સ્ત્રી ઘરમાં લેવા સારૂ ગઇ તે વખતે ઓરડામાં કેડીઓ વચે બિલાડી આંખો ગગડાવતી હતી અને તે વખતે ત્યા આગળ પુરૂ અજવાળુ પણ નહોતુ તેથી બિલાડીની આંખો સામું જોઇ બોલીકે એ મારા બાપરે મને ખાધી એમ કહી તે સ્ત્રી પાછી ફરીને ચરીત્ર કરવા લાગી માધવે સ્ત્રીને પુછ્યુ કેમ સ્ત્રી શું છે તે કહે મને તો બિલાડી કરડવા આવેછે અને ઓરડામાં અંધારૂ હોવાથી બીક લાગે છે માધવસીંગ બોલ્યા શી વાત કરોછો સ્ત્રી ચરીત્ર શાં કરવાં

દુહો.

વાઘ વડા રણજળ તરણુ, નવશીશ કાટયાં જેણુ.
આજ મંજારે બીવરાવ્યાં, સ્ત્રી ચરીત્ર તેણુ.

સ્ત્રી કહે છે સ્વામીનાથ તમે એ શું બોલ્યા એ વાત ખોટી છે માધવસીંગ કહે ખોટી હોય તો જા મારી ઢલનાં ભંડારીઆમાથી તલવારનો કટકો અને વાઘનો કાન લાવ. સ્ત્રીએ કાઢીને તે જોયું ને વિચાર્યું કે મારા બાવાને મારનાર પણ એજ છે તેથી તલવાર ખેંચીને એકદમ પોતાના સ્વામીનું મુસ્તક કાપી નાખ્યું શુ આ વખતે સ્ત્રીને આવું કૃત્ય કરતાં કાંઇ વિચાર આવ્યો નહીં હોય? હવે તે

સ્ત્રી પોતાના ત્રણ બાળકોને લઇને ગુજરાતના પાટણ શેહેરમાં મહારાજા કરણઘેહેલાના રાજ્યમાં આવી રહ્યાં ત્યાં આગળ તેને રાજ્ય તરફથી સારો આશ્રય મળ્યો હવે, તે સ્ત્રીને સુરો નામે પુત્ર હતો તે ભણી ગણી ક્ષત્રી વિદ્યામાં કુશળ થયો જે વખતે કરણઘેહેલા ઉપર દીલ્હીના બાદશાહ અલ્લાઉદીને ચઢાઇ કરી તે વખતે શુરાએ ફોજમાં કેવાં કેવાં પરાક્રમ કર્યાં છે અને મુસલમાની સૈન્યને ત્રાહે ત્રાહે પોકરાવી ખરી ક્ષત્રીવટ સાચવી છે વીગેરે આબેહુબ ચિતાર મારા તરફથી થોડા દીવસમાં "સુરાગઢોડ" નામે પુસ્તક બહાર પડશે તેમાં બતાવવામાં આવશે.

જેણે આ સ્ત્રી ચરીત્રની વાત વાંચી હશે તો તેમને શુરાગઢોડનું પુસ્તક ખરીદવા ભલામણ કરીએં છીએ અને તેની કીમત ફકત અડધો આનો રાખવામાં આવશે.

રેવાશંકર મયાશંકર રાવલ.
આસિસ્ટંટ માસ્તર તા. સ્કુલ માણસા
ઇલાકે મહીકાંઠા. પ્રાંત ગુજરાત.

આશ્રય આપનાર સાહેબોના નામનું લીસ્ટ.

નકલ. નામ હોદ્દો તથા ગામ.

૧૨૫ રા.રા. અમીરામ મહાસુખરામ રાવલ. બી.આ. માસ્તર.માણસા
૧૦૦ ,, બળદેવદાશ મોહનરામ વ્યાસ. આ માસ્તર ,,
૫૦ ,, જેઠાલાલ મનસુખરાંમ પચોળી આ. માસ્તર. ,,
૫ ,, વિઠલદાસ જશરામ રાવલ, આ માસ્તર. ,,
૨ ,, ભોગીલાલ છગનલાલ શુકલ આ. માસ્તર. ,,
૫૦ ,, મણીલાલ દુર્લભરામ પંડયા. વીસનગર.
૧ ,, સાંકળેશ્વર ઉમેદરામ પંડયા. સ્કુલમાસ્તર દેથરોટા.
૩ ,, અંબાલાલ ઉગરેશ્વર પંડયા. લાડોલ.
૧ ,, મગનલાલ બળદેવ રાવલ. ,,
૧ ,, ભીખાભાઇ આત્મારામ ,,
૫ ,, વિઠલદાસ છગનલાલ શાહ માણસા
૪ ,, મયાશંકર મગનલાલ જોશી. માલાંસણ
૫ ,, હરગોવીંદ મોતીરામ ભટ. નારદીપુર.
૧ ,, બનજી પીથુજી ચોધરી માણસા ન્યાઇકોર્ટ ઉમેદવાર પલીએડર
૧ ,, બાપુશંકર પ્રભાશંકર. ,,
૧ ,, શીવલાલ સાંકળચંદ—પોલીસ પટેલ— ,,
૧ ,, ચુનીલાલ હીમતલાલ આ. માસ્તર સામેત્રા—કડી.
૧ ,, છગનલાલ પુંજારામ પંડયા. માંણસાના ઈજારદાર માણસા

૧	,,	હરજીવનલાલ હીરાલાલ પારીખ.		,,
૫	,,	ચુનીલાલ મગનલાલ શાહ.		,,
૧	,,	રેવાદાસ ડુંગરચંદ સોની		,,
૧	,,	મગનલાલ સાંકળચંદ. કણસારા.		,,
૫	રા. રા.	અમથાલાલ ઊગરચંદ.સોની.	,,	માણસા
૧	ગ. સ	રેવાશંકર બેહેચરદાસ. મેહેતા.	,,	ગવાડા
૨	શા	વિઠલદાસ ગુલાબ ચંદ વિદ્યાર્થી	,,	માણસા
૨	શા.	મણી લાલ પુરસોતમ.	,,	,,
૨	શા.	કાશીદાસ ઊમેદરામ.	,,	,,
૪	શા,	મણી લાલ સુખરામ	,,	,,
૧	શા.	નીરંજર લાલ ગુલાબચંદ	,,	,,
૨	શા.	દ્વારકાં અમથાલાલ	,,	,,
૩	શા.	માણેલાલ લલુભાઈ	,,	,,
૨	શા.	મણીલાલ બળદેવદાસ	,,	,,
૩	શા.	ચુનીલાલ વિરચંદ.	,,	,,
૨	ગાંધી	ચુનીલાલ રેવાશંકર	,,	,,
૧	શા.	વીજલાલ મગનલાલ	,,	,,
૧	શા.	મણીલાલ અમથાલાલ	,,	,,
૧	શા.	ગીરધર રૂપચંદ	,,	,,
૧	શા	હરગોવન જેચંદ	,,	,,
૧	શા.	બળદેવ લલુભાઈ	,,	,,
૧	શા.	ખેમચંદ પરસોતમ	,,	,,
૧	શા	માણેકલાલ જેચંદ	,,	,,

૧	શા. મણીલાલ છગનલાલ	,,	,,
૧	કોઠારી ચુનીલાલ મગનલાલ	,,	,,
૧	મારૂ માધવલાલ સાંકળચંદ	,,	,,
૧	વ્યાસ ઉમીયાશંકર છગનલાલ	,,	,,
૧	વ્યાસ દયાશંકર વશતરામ	,,	,,
૧	પારીખ. ગીરધરલાલ પરસોતમ	વિદ્યાર્થી	માણુઃ
૧	,, લલ્લુભાઇ કેવળદાશ	,,	,,
૧	,, હીરાલાલ જીવરામ	,,	,,
૧	શા. ચમનલાલ પુંજીરામ	,,	,,
૧	શા. ભોગીલાલ જેઠારામ	,,	,,
૧૦	શા. નરોતમ શરૂપચંદ	,,	,,
૧	સોની મણીલાલ કાળીદાશ	,,	,,
૧	સોની નથુ હરગોવન	,,	,,

મફત હોસ્તો મોટો લાભ મફત.

ગાંગાનું ગટ.

એક જાઈ રમુજી ભેદ ભરેલી વાર્તા.

પોસ્ટેજ કીમત ફકત એકજ આનો.

માણુસા. હરીલાલ ભગવાન.

ગમ્મત, એજ દુનીઆનું ખરૂ સુખ છે.

ઉસ્તાદી ગાયન સંગ્રહ.

આરસીક પુસ્તકમાં ત્રણુસોથી પણુ વધારે રમુજી ગાયનો છે. તથા હાલમાં ગવાતા સઘળી જાતના નાટકના રાગો છે કીમત ફકત ૭ આના પોસ્ટેજ માફ બંને બુકો સામટી રાખનાર પાસેથી ૭ આના લીધામાં આવશે.

મુબાઈ ઈલાકાની ભુગોળની નોટ.

કીમત એક નકલનો એક પૈસોજ.

માણુસા. તા. મહીકાંઠા. હરીલાલ ભગવાનલાલ.

અધીપતિ આરોગ્ય વર્ધક ઔષધાલય.

આરોગ્ય વર્ધક ઔષધાયલ જુલાબનું ધી.

ચાર તોલાના બાટલીનો રૂપીઓ એક આથીથી દરેક જણુ પોતાના મરજી મુજબ જુલાબ લઇ શકે છે જેટલા જુલાબ લેવ હોય તેટલાં ટીપાં ધીનાં લેવાં આ જુલાબની દવાની બરોબરી કરી શકે એવી કોઈ પણ દવા બહાર પડી નથી.

માણુસા. હરીલાલ ભગવાનલાલ.

જાહેર ખબર

અમદાવાદ શેહેરની અંદર આકાસેઠના કુવાની પોળના સામે ગુ
જર્જર વિજય પ્રેસમાંથી. એક ઘણું સરસ અને સસ્તું પેપર હાલ
માં " છાંડીયા ક્રેડ " નામનું પેપર. પ્રગટ કરવામાં આવે છે. અ
ને તેનું લવાજમ ટપાલખરચ સીવાય વરસે અઢી રૂપીયા રાખવા
માં આવેલી. છે. માટે સદગ્રહસ્થો આ પેપરની એક વખત મુલાકા
ત લ્યો. આશા રાખવામાં આવેછે કે તેને આશ્રય આપવામાં આ
પ પછાત પડશો નહી. પેપરની કદર પેપર આપને બતાવશે. અને પ
રદેશના રહીશો હશે અને તેઓ મંગાવશે તેઓએ ટપાલખરચના
૩૦-૧૨-૦ જાદે આપવા પડશે.

મેનેજર.
પંડીત. ઇંદ્રબહાદુર.